પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૨૮૭ | ૨૮ ડીસેમ્બર, ૨૦૨૦, સોમવાર; માગશર સુદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# ‘વોકલ ફોર લોકલ’નો મંત્ર અપનાવીએ : મોદી

**વડાપ્રધાન મોદીએ વર્ષ ૨૦૨૦ની છેલ્લી ’મન કી બાત’ દ્વારા લોકોને સંભોધતા કહ્યું : આત્મનિર્ભર ભારત માટે વર્લ્ડ લેવલની પ્રોડક્ટ બનાવવી જરૂરી : વોકલ ફોર લોકલથી આત્મનિર્ભર ભારત પર મોદીએ ભાર આપ્યો : મોદીની દેશવાસીઓને નવા વર્ષમાં રિઝોલ્યુશનની અપીલ વડાપ્રધાન મોદીએ દેશની યુવાશક્તિ ઉપર વિશ્વાસ વ્યક્ત કરતા કહ્યું કે, હું ભારતના યુવાનોને જોઉં છું તો પોતાને આનંદિત અને આશ્વસ્ત અનુભવું છું**



નવી દિલ્હી,તા.૨૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વર્ષ ૨૦૨૦ના અંતિમ અઠવાડિયામાં પોતાના રેડિયો પ્રોગ્રામ મન કી બાતમાં વોકલ ફોર લોકલ અને આત્મનિર્ભર ભારત પર ભાર આપીને દેશવાસીઓને આ બન્ને અભિયાનને ઉચ્ચ શિખર પર લઈ જવાની અપીલ કરી છે. તેમણે ગુરુ ગોવિંદસિંહના પુત્રોના શહાદત દિવસની સાથે-સાથે ગીતા જયંતીની પણ ચર્ચા કરી અને કહ્યું કે દેશે હજુ દુષ્ટ તત્વો સામે ઝુકવાનું નથી શીખ્યું. તેમણે વન અને પર્યાવરણથી લઈને સ્વચ્છ ભારત મિશન પર પણ પોતાના વિચારો રજૂ કર્યા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કારણે દુનિયામાં સપ્લાય ચેનને લઈને અનેક અડચણો આવી, પરંતુ અમે દેશના દરેક સંકટથી નવો શબક શીખ્યા છીએ. દેશમાં નવું સામર્થ્ય પણ પેદા થયું છે. હું દેશના નિર્માતાઓ અને ઉદ્યોગ જગતના નેતાઓને આગ્રહ કરું છું કે દેશના લોકોએ મજબૂત પગલું ભર્યું છે, વોકલ ફોર લોકલ આજે ઘર-ઘરમાં ગૂંજી રહ્યું છે. આવામાં એ સુનિશ્ચિત કરવાનો સમય છે કે આપણું ઉત્પાદન

● અનુસંધાન પાન-૭ પર

# ખેડૂતો કેન્દ્ર સરકાર સાથે ૪ મુદ્દાઓ પર વાતચીત કરશે

**ખેડૂત આંદોલનની આગળની બ્લૂ પ્રિન્ટ તૈયાર : રાષ્ટ્રીય કિસાન આયોગ દ્વારા ભલામણ કરેલ લાભદાયક એમએસપીની ગેરંટી આપવાની પ્રક્રિયા, પ્રાવધાન પર ચર્ચા થશે**

નવી દિલ્હી, તા. ૨૭

કેન્દ્ર સરકારના ત્રણ નવા કૃષિ કાયદાને લઈ દિલ્હીની અલગ-અલગ સરહદ પર છેલ્લા ૩૧ દિવસથી ખેડૂતો વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. આ દરમિયાન, દિલ્હીના સિંઘુ બોર્ડર પર શનિવારે ખેડૂત સંગઠનોની બેઠક યોજાઈ, જેમાં સરકારના પ્રસ્તાવ પર નિર્ણય લેતાં આગળની વાતચીત પર સહમતિ સધાઈ ગઈ. ખેડૂત સંગઠનો તરફથી ૨૯ ડિસેમ્બરે સવારે ૧૧ વાગ્યે મંત્રણાનો પ્રસ્તાવ મોકલ્યો છે. ખેડૂત સંગઠનોએ મંત્રણાની પહેલા જ આંદોલનની આગળની રણનીતિ તૈયાર કરી દીધી છે. ખેડૂત સંગઠનોનું કહેવું છે કે જો સરકારે તેમની માંગો ન માની તો તેઓ વિરોધ પ્રદર્શનને વધુ આગળ લઈ જશે. ખેડૂત સંગઠનોએ આંદોલન તેજ કરવાની રૂપરેખાની ઘોષણા કરતાં જણાવ્યું કે ૩૦ ડિસેમ્બરે દિલ્હીની તમામ બોર્ડર પર ટ્રેક્ટર માર્ચ કાઢવામાં આવશે. ટ્રેક્ટર માર્ચ ટિકરી બોર્ડરથી હરિયાણા-રાજસ્થાન બોર્ડર શહાજહાંપુર સુધી યોજવામાં આવશે. ત્યારબાદ દેશમાં જિલ્લા અને તાલુકા સ્તર પર કૃષિ કાયદાના વિરોધમાં ખેડૂતોને એકજૂત કરવાની મુહિમ શરુ કરવામાં આવશે. ખેડૂત ૨૭ અને ૨૮ ડિસેમ્બરે દિલ્હીના અલગ-અલગ બોર્ડર પર શહીદી દિવસ ઉજવશે. સંયુક્ત કિસાન મોર્ચાએ સરકારને લખેલા પત્રમાં કહ્યું કે ૨૪ ડિસેમ્બરે તમારો લેટર મળ્યો છે. અફસોસ છે કે



● અનુસંધાન પાન-૭ પર

# કાશ્મીરમાં સુરક્ષા દળો દ્વારા ૩ આતંકીઓ ઠાર

**સર્ચ ઓપરેશનમાં કાશ્મીરમાંથી ત્રણ આતંકવાદીઓને પકડી લીધા : શસ્ત્રો અને વિસ્ફોટકોનો મોટો જથ્થો જપ્ત**

શોપિયા,તા.૨૭

જમ્મુ-કાશ્મીરમાં સુરક્ષાદળોએ એક્કાઉન્ટરમાં કુલ ત્રણ આતંકવાદીઓને ઠાર કર્યા હતા. બે જવાનો ઘાયલ થયા હતા. સુરક્ષાદળોએ સર્ચ ઓપરેશનમાં કાશ્મીરમાંથી ત્રણ આતંકવાદીઓને પકડી લીધા હતા. શસ્ત્રો અને વિસ્ફોટકોનો મોટો જથ્થો જપ્ત કર્યો હતો. જમ્મુ-કાશ્મીરના શોપિયાઁમાં સુરક્ષાદળોએ સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. આખા વિસ્તારને કોર્ડન કર્યો હતો. એ વખતે આતંકવાદીઓએ સુરક્ષાદળોને નિશાન બનાવીને અંધાધૂંધ ફાયરિંગ કર્યું હતું, એ પછી સુરક્ષાદળોના વળતા જવાબમાં એક પછી એક ત્રણ આતંકવાદીઓ ઠાર થયા હતા.

આતંકવાદીઓ સાથેના ફાયરિંગ વખતે બે જવાનો ઘાયલ થયા હતા. સૈન્ય અધિકારીઓના કહેવા પ્રમાણે સામ-સામા ફાયરિગમાં આતંકવાદીઓ ઠાર થયા હતા. બીજી તરફ બે જવાનો પણ ઘાયલ થયા હતા. ઘાયલ જવાનોની સ્થિતિ સુધારા પર હોવાનું કહેવાયું હતું. જમ્મુ-કાશ્મીરમાં સર્ચ ઓપરેશન દરમિયાન કુલ ત્રણ આતંકવાદીઓ અલગ અલગ સ્થળોએથી પકડાયા હતા. જમ્મુમાંથી બે આતંકવાદીઓ શસ્ત્ર અને વિસ્ફોટક સામગ્રી સાથે પકડાયા હતા.

તે ઉપરાંત પુલવામામાં પણ સર્ચ ઓપરેશન હાથ ધરાયું હતું, જેમાં એક આતંકવાદી શસ્ત્રોના જથ્થા સાથે પકડાયો હતો. બીજી તરફ પાકિસ્તાનના નાપાક સૈન્યએ એલઓસી અને આંતરરાષ્ટ્રીય સરહદે બેફામ તોપમારો કર્યો હતો. ભારતીય ચોકીઓને અને સરહદી ગામડાંઓના નિશાન બનાવીને પાકિસ્તાની લશ્કરે ગોળીબાર ચાલુ રાખ્યો હતો. બીએસએફના જવાનોએ આ ફાયરિંગનો વળતો જવાબ આપ્યો હતો એવું ડિફેન્સ વિભાગના પ્રવક્તાએ કહ્યું હતું.

## છેલ્લે... છેલ્લે...

- હરિયાણા-પંજાબ બોર્ડર શંભુ ટોલ પ્લાઝાને ખેડૂતોએ ફ્રી કરાવ્યો.
- ઝારખંડના ગુલકા જિલ્લામાં પાંચ નકસલવાદીઓની ધરપકડ.
- સીબીએસસી બોર્ડની પરીક્ષાઓની જાહેરાત ૩૧મીએ કરાશે.
- દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૧૮,૭૩૨ કેસ નોંધાયા.
- પાકિસ્તાન આર્મીનું એક હેલીકોપ્ટર ક્રેશ થયું. જેમાં એક પાયલોટ, કો-પાયલોટ અને બે જવાનોના મોત.
- આજથી આરંભાયેલ રહેલ મધ્યપ્રદેશ વિધાનસભાનું સત્ર હાલ સ્થગિત કરાયું છે.
- દિલ્હી-હરિયાણા બોર્ડર પર એક ખેડૂતે આપઘાત કર્યો.
- શીવસેનાના એમપી સંજય રાઉતની પત્નીને ઈડીનું સમન્સ
- અભિનેતા સલમાન ખાને પનવેલ ફાર્મમાં પોતાનો ૫૫મો જન્મદિન ઉજવ્યો.

# કોરોના એ છેલ્લી વૈશ્વિક મહામારી નથી : WHO

**હવે કેનેડા અને સ્વીડનમાં પણ નવા સ્ટ્રેનનો કોરોના વાઇરસ મળી આવ્યો**

વોશિંગટન,તા.૨૭

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનએ કહ્યું છે કે કોરોના વાઈરસ વિશ્વની છેલ્લી મહામારી નથી. જલવાયું પરિવર્તન અને પ્રકૃતિની સુરક્ષાના ઉપાય કર્યા વિના માનવ સ્વાસ્થ્યને સુધારવાના પ્રયત્નો સફળ ન થઈ શકે. "હું"નાં ચીફ ટેડ્રોસ ગેબ્રયેસસે કહ્યું કે કોરોના સામેની લડતમાં, ફક્ત રૂપિયાના ખર્ચા કરવાથી કંઇ પણ થશે નહીં. આપણે ભવિષ્ય માટેની તૈયારી પણ કરવી પડશે. કોરોના વાયરસને છુપાવામાં ચીન ની મદદના આરોપોથી ઘેરાયેલા વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનના પ્રમુખ ટેડ્રોસ અધનોમએ ચેતવણી આપી છે કે કોવિડ-૧૯ મહામારી છેલ્લી નથી. તેમણે કહ્યું કે જળવાયુ પરિવર્તનને રોકયા વગર અને પશુઓના કલ્યાણ વગર વ્યક્તિના સ્વાસ્થ્યને સુધારવાનો પ્રયાસ નકામો છે. તેમણે કહ્યું કે દુનિયા ‘ખતરનાક રીતે કંઈપણ લાંબુ વિચાર્યા વગર’ કોરોના વાયરસને રોકવામાં પૈસા ઉડાડી રહ્યું છે પરંતુ કોઈપણ દેશ આગળની મહામારી માટે તૈયાર નથી.

ટેડ્રોસ એ રવિવારના રોજ આંતરરાષ્ટ્રીય મહામારી તૈયારી દિવસ પર આપેલ પોતાના એક વીડિયો મેસેજમાં કહ્યું કે અત્યારનો સમય કોરોના વાયરસ મહામારીમાંથી પાઠ શીખવવાનો છે. તેમણે કહ્યું કે લાંબા સમયથી દુનિયા એ ભય અને ઉપેક્ષાના એક ચક્રમાં કામ કર્યું છે. આપણે મહામારી આવવા પર પૈસા ઉડાવી

● અનુસંધાન પાન-૭ પર

# નીતીશના સ્થાને આરસીપી સિંહ જેડીયુના રાષ્ટ્રીય અધ્યક્ષ બન્યા

**એક સાથે બે પદ સંભાળવા હવે સરળ નથી : નીતિશકુમાર**

પટના,તા.૨૭

આરસીપી સિંહને જનતા દળ યૂનાઈટેડના નવા અધ્યક્ષ બનાવવામાં આવ્યા છે. રાષ્ટ્રીય કાર્યકારિણીની બેઠકમાં નીતિશ કુમારે કહ્યુ કે, એક સાથે બે પદ સંભાળવા સરળ થઈ રહ્યાં નથી. બિહારના મુખ્યમંત્રી અને જેડીયૂના રાષ્ટ્રીય અધ્યક્ષ, બંન્ને ભૂમિકા એક સાથે નિભાવવી સરળ નથી. નીતીશ કુમારે આરસીપી સિંહના નામનો પ્રસ્તાવ રાખ્યો અને પછી બાકી સભ્યોએ તેનું સમર્થન કર્યુ છે. આરસીપી સિંહને નીતીશ કુમારના વિશ્વાસુ ગણવામાં આવે છે. બિહાર ચૂંટણી દરમિયાન પણ ઘણા વિષયોને લઈને નીતીશ કુમાર તેમની સાથે ચર્ચા કરતા હતા. નીતીશ ઘણીવાર પહેલા પણ આરસીપી સિંહને પાર્ટીનું નેતૃત્વ આપવાની વાત કહી ચુક્યા છે. આપસીપી સિંહનું પૂરુ નામ રામચંદ્ર પ્રસાદ સિંહ છે. તેઓ બિહારથી રાજયસભા સાંસદ છે. નીતીશના જિલ્લા નાલંદાના રહેવાસી આરસીપી


● અનુસંધાન પાન-૭ પર

## મુંબઈના મંદિરમાં શોર્ટ-સર્કિટથી આગ, બેનાં મોત

મુંબઈ,તા.૨૭

શહેરના કાંદિવલી (વેસ્ટ) ઉપનગરના ચારકોપ વિસ્તારમાં આવેલા સાઈબાબા મંદિરમાં આજે વહેલી સવારે આગ લાગતા બે જણના મરણ નિપજ્યા હતા. દુર્ઘટનામાં એક અન્ય જણ ગંભીર રીતે દાઝી ગયો છે. દુર્ઘટના વહેલી સવારે લગભગ ૪.૫ વાગ્યે બની હતી. આ મંદિર બંદર પાખાડી રોડ પર આવેલું છે. આગ શોર્ટ સર્કિટને કારણે લાગી હતી. જાણ કરાયા બાદ અગ્નિશામક દળના જવાનો તરત જ ત્યાં પહોંચી ગયા હતા અને ૪.૪૦ વાગ્યે આગને બુઝાવી દીધી હતી. આગ લેવલ-૧ (મામુલી) પ્રકારની હતી, એમ ફાયર બ્રિગેડના એક અધિકારીએ કહ્યું છે. આગમાં ત્રણ જણ દાઝી ગયા હતા. એમને હોસ્પિટલમાં દાખલ કરાયા હતા.

FIGHT CORONA M. 90998 72551
સેનેટાઈઝ સર્વિસ
ફ્લેટ | બંગલો | ઓફીસ | બિલ્ડીંગ
૫ લિટર સેનેટાઈઝર તથા ૫ N95 માસ્ક ફ્રી આપવામાં આવશે.
FDA & ISO સર્ટીફીકેટ વાળા સેનેટાઈઝર સ્પ્રે થી ક્વોરનટાઈન પહેલા અને પછી પણ સર્વિસ આપવામાં આવશે.




ધીરુભાઈ હીરાચંદ અંબાણી
ફાઉન્ડર ચેરમૅન – રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ
ડિસેમ્બર ૨૮, ૧૯૩૨ – શાશ્વતી

આપની દૂરંદેશીનું ચાલકબળ હતી અબજો ભારતીયોની આશાઓ.
જીવનકર્તવ્યની ભાવનાથી આપે શોધી નવી ક્ષિતિજો અને નાખ્યો એક આધુનિક, ઔદ્યોગિક રાષ્ટ્રનો પાયો.
આજે રિલાયન્સ નવપલ્લવિત ભારતને
નવી સામગ્રીઓ અને નવી ટેક્નોલોજીના એક ભવ્ય ભાવિ ભણી દોરી રહ્યું છે
ત્યારે નવી આશાઓને આકાર આપતાં અને નવી ક્ષિતિજો ભણી અમને દોરતાં
આપ હંમેશા અમારી સાથે છો, ગઈકાલે, આજે અને આવતીકાલે પણ.

www.ril.com
Reliance Industries Limited
Growth is Life